# સે.૪માં ઓમકારેશ્વર મંદિરે બજરંગ દળે નંદી પૂજન કર્યુ




ગાંધીનગર તા.૦૧

ગાંધીનગરના વિશ્વ હિન્દુ પરિષદના ગૌરક્ષા વિભાગ દ્વારા સેકટર-૪ ઓમકારેશ્વર મહાદેવના પટાંગણમાં નંદી પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંદિરના પૂજારી દ્વારા નંદી પૂજન કરવામાં આવ્યાં બાદ કાર્યકર્તા બંધુઓ તથા દર્શન કરવા પધારેલા ભાઈઓ બહેનો દ્વારા નંદી પૂજન કરવામાં આવ્યું હતું જેમાં આશરે ૫૦થી વધુ ભાવિકોએ પૂજનનો લાભ લીધો હતો.

આ કાર્યક્રમમાં ગૌરક્ષા જિલ્લા સંયોજક કમલેશગીરી, બજરંગ દળ સંયોજક શક્તિસિંહ, નગર અધ્યક્ષ નરેન્દ્રસિંહ, મંત્રી વિષ્ણુભાઈ, સંયોજક હિતેન્દ્રસિંહ, ગજેન્દ્રસિંહ, ગણપતસિંહ વગેરે કાર્યકર્તાઓએ પણ નંદી પૂજનનો લાભ લીધો હતો. કાર્યક્રમનું આયોજન બજરંગદળના ઉત્તર પ્રાંત સુરક્ષા પ્રમુખ શકિતસિંહ ઝાલા દ્વારા કરવામાં આવ્યું હતું.

# વાવોલના બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે બરફના અમરનાથની ડેપ્યુટી મેયરે આરતી ઉતારી



ગાંધીનગર તા. ૦૧

આજે મહાશિવરાત્રીના પાવન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગરના વાવોલમાં બ્રહ્માકુમારીઝ કેન્દ્ર ખાતે બરફના અમરનાથ દર્શન યોજાયાં હતા જેના દર્શને ગાંધીનગરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે ઉપસ્થિત રહી બાબા અમરનાથની આરતી ઉતારી હતી. આ સાથે આયોજિત કલિયુગ - સતયુગની ઝાંખી ઉપરાંત આધ્યાત્મિક પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેનો મોટી સંખ્યામાં દર્શનાર્થીઓએ લાભ લીધો હતો. વાવોલ બ્રહ્માકુમારીઝ કેન્દ્રના સંચાલિકા બીકે હંસાદીદીએ જણાવ્યું હતું કે "મહાશિવરાત્રીના પાવનતમ પર્વ પર ભગવાન ભોળાનાથ પાસે કોરોના મહામારીથી જલ્દી મુક્તિ મળે અને સમગ્ર વિશ્વમાં શાંતિ સાથે વિશ્વ કલ્યાણ થાય તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી".

# બોરિજના રામનાથ મહાદેવ ખાતે હવન - ભજન યોજાયાં



મહાશિવરાત્રી નિમિત્તે ગાંધીનગરના બોરીજ ખાતે રામનાથ મહાદેવના મંદિર ખાતે ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી જેમાં છેલ્લા ૨૦ વર્ષથી ચાલી આવતી પરંપરા મુજબ હવન કરાયો હતો તથા રાત્રે મહાદેવજીના ભજનોની રમઝટ પણ જમાવાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ મંદિર ગાંધીનગરમાં મહાદેવજીના જુના ઐતિહાસિક મંદિરોમાં સ્થાન પામે છે જેમાં પુજારી તરીકે રમેશગીરી ગોંસાઈ સેવાઓ આપે છે તથા છેલ્લા ૨૦ વર્ષથી બળદેવભાઈ દેસાઈ પ્રસાદ પૂરી પાડી રહ્યાં છે.

# અમદાવાદ ખાતે ૨૦મીએ દિવ્યાંગો માટે ભરતી મેળો

ગાંધીનગર, તા.૧

અમદાવાદમાં દિવ્યાંગો માટે રોજગાર ભરતીમેળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ભારત સરકારના શ્રમ અનો રોજગાર મંત્રાલય દ્વારા ચાલતા દિવ્યાંગો માટ ેનેશનલ કેરિયર સર્વિસ સેન્ટર, ગેલેકસી સિનેમા અન્ડર બ્રીજ પાસે,આઈટીઆઈ કેમ્પસ, કુબેરનગર, અમદાવાદ ખાતે દિવ્યાંગ ઉમેદવાર કે જેની અપંગતા ૪૦ ટકા કે તેથી વધુ હોય તેવી અસ્થિ વિષયક, બહેરા-મુંગા, અલ્પ અન્ધ જેની ઉંમર ૧૮થી ૪૦ વર્ષ વચ્ચેના ભાઈ અને બહેનો માટે કેન્દ્રમાં આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે ૧૦ માર્ચ એ રોજગાર ભરતીમેળો યોજાશે. વધુ વિગતો માટે મો. ૯૮૨૪૦ ૦૬૪૦૯, ૯૫૮૬૬ ૬૭૯૨૯, ફોન નં. ૦૭૯-૨૨૮૧૧૬૨૯૫૨ સંપર્ક કરવો.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

# સરગાસણ ડીલકસ પાન પાર્લરના વેપારીને ચાર શખ્સોએ માર માર્યો

ગાંધીનગર, તા.૧

સરગાસણ ચોકડી પાસે અટ્રીયા કોમ્પ્લેક્ષમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ડીલકસ પાન પાર્લરના સંચાલકને ચાર અજાણ્યા શખ્સોએ મારમાર્યો છે. પાન સંચાલક પાસે વહેલી સવારે એક શખ્સે કાથો માંગી બોલાચાલી અને ગાળાગાળી કરી લાફો માર્યો હતો. ત્યારબાદ દુકાનમાંથી બહાર નીકાળી પાઈપ, લાકડી અને બેટ વડે ચારેય ભેગા મળી શરીરે માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા કાનુની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ખાતે રહેતા અંકુર ઉર્ફે લાલો કરશનભાઈ પનારા (ઉં.૨૭) ગાંધીનગર સરગાસણ ચોકડી પાસે અટ્રીયા કોમ્પ્લેક્ષ ખાતે દુકા નં.૬ માં છેલ્લા પાંચ વર્ષથી ભાડેથી ડીલકસ પાન પાર્લર ચલાવે છે.આજે સવારના પાંચ વાગ્યાના સમયે પાર્લર ખોલીને ઉભો હતો તે સમયે બે અલ્ટો કારમાં ચાર અજાણ્યા શખ્સો આવ્યા હતા. શખ્સોએ સિગારેટ અને મસાલો માંગતા વેપારીએ આપ્યો હતો. ચાર પૈકી એક કાળા કલરની ટી શર્ટ પહેરેલ શખ્સે વેપારી પાસે કાથો માંગ્યો હતો, પરંતુ વેપારી પાસે ન હોવાથી ના પાડી હતી અને અન્ય કો પડીકી લેવા માટે જણાવ્યું હતું. જેથી પેલા શખ્સે વેપારીને ગાળો બોલી લાફો ઝીંકી પાર્લર બંધ કરી દે. જયારે વેપારીએ શખ્સને લાફો કેમ માર્યો પુછતા પાર્લરમાંથી ખેચી કાઢીને ચારેય ભેગા મળી ગડદાપાટુનો મારમાર્યો હતો. ત્યારબાદ લાકડી, પાઈપ અને બેટ વડે શરીરે માર મારીને કહેતા હતા કે જો તારે જીવવુ હોય તો તારૂ પાર્લર બંધ કરી દેજે.. જો પોલીસ કેસ કર્યો છે તો જાનથી નારી નાંખશું તેવી ધમકી આપી ગાડીઓ લઈ શખ્સો જતા રહ્યા હતા. જયારે ગાંધીનગર સિવિલમાં પ્રાથમિક સારવાર લીધા બાદ વેપારીએ પોલીસ મથકે ચાર શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



રોટરી ક્લબ, ગાંધીનગર દ્વારા છેલ્લા ૧૫ વર્ષથી પંચદેવ મંદિરે શિવરાત્રી અને જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે વિનામૂલ્યે પીવાના સ્વચ્છ પાણીની પરબ ગોઠવવામાં આવે છે. જેનો મેળામાં આવતા અંદાજે ૧૨ હજાર જેટલા દર્શનાર્થીઓ લાભ લે છે. આ વર્ષે શિવરાત્રીના દિવસે ૧૨૦ મિનરલ વોટરની બોટલની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રોટરી ક્લબ, ગાંધીનગરના પ્રમુખ જી.એમ હરસો લિયા, સેક્રેટરી નીના ગણેશન, પ્રોજેક્ટ ચેરમેન રાકેશભાઈ પારેખ, દિલીપભાઈ પટેલ, કિરણભાઈ પટેલ, જશવંત ગાંધી, જગદીશભાઈ મોદી વગેરે રોટરીના કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી.

# બોર્ડર પર ફસાયેલા વિદ્યાર્થીઓને ઝડપી લાવવાનું આક્રમક આયોજન જરૂરી

**યૂક્રેનથી આવેલી ગુજરાતની યુવતીએ કહ્યું : દમણની વિદ્યાર્થીની માનસી શર્મા પણ પોતાના ઘરે પરત ફરી છે, માનસી પરત ફરતા તેના પરિવારજનોમાં આનંદ છવાયો**

દમણ,તા.૧

રશિયા અને યૂક્રેન વચ્ચે યુદ્ધ જાહેર થતાં અનેક ભારતીયો અને ખાસ કરીને અસંખ્ય વિદ્યાર્થીઓ યૂક્રેનમાં ફસાયા છે. આથી યુદ્ધ ક્ષેત્રમાં ફસાયેલા વિદ્યાર્થીઓને એર લિફટ કરવા ભારત સરકાર દ્વારા ઓપરેશન ગંગા ચલાવવામાં આવી રહ્યું છે. યુદ્ધના ધોરણે ચાલી રહેલા આ ઓપરેશનને કારણે અનેક વિદ્યાર્થીઓ હેમખેમ પોતાના વતન પરત ફરી રહ્યા છે. ત્યારે આ ઓપરેશન ગંગા અંતર્ગત જ યુક્રેનના ઈવાનો પ્રાંતમાં એમ. બી.બી.એસના ચોથા વર્ષમાં અભ્યાસ કરતી સંઘપ્રદેશ દમણની વિદ્યાર્થીની માનસી શર્મા પણ પોતાના ઘરે પરત ફરી છે. માનસી શર્મા ઘરે પરત ફરતા તેના પરિવારજનોમાં આનંદ છવાયો છે. યુદ્ધના ક્ષેત્રમાંથી પરત ફરેલી માનસી શર્માને આવકારવા તેના પડોશીઓ અને સંબંધીઓ પણ તેમના ઘરે પહોંચ્યા હતા. પોતાની પુત્રી હેમખેમ પરત ફરતાં માનસી શર્મા અને તેના પરિવારજનોએ ભારત સરકારનો આભાર માન્યો હતો. માનસીએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંઘપ્રદેશ દાદરાનગર હવેલી અને દમણ-દીવ ના પ્રશાસક પ્રફુલ પટેલનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. આમ ઘરે પરત ફરેલી માનસી શર્માએ ઘરે પરત ફરતા પહેલા પડેલી મુશ્કેલીઓ અંગે વાત કરી હતી. વધુમાં તેણે જણાવ્યું કે, સરકાર દ્વારા ચલાવવામાં ઓપરેશન ગંગા અભિયાન ખૂબ સરસ રીતે ચાલી રહ્યું છે અને સરકારે તાત્કાલિક નિર્ણય લઈ અને યુદ્ધક્ષેત્રમાં ફસાયેલા વિદ્યાર્થીઓને હેમખેમ બચાવી અને વતન લાવવા માટે કરવામાં આવી રહેલી કામગીરીની પ્રશંસા કરી હતી. જોકે યૂક્રેનની બોર્ડર પર થી વિદ્યાર્થીઓને પડોશી દેશોમાં જ્યાંથી એર લિફટ કરવામાં આવી રહ્યા છે તે દેશોની બોર્ડર પર હજુ પણ પૂરતા આયોજનનો અભાવ હોવાનું જણાવ્યું હતું. યોગ્ય વ્યવસ્થાના અભાવે કલાકો સુધી વિદ્યાર્થીઓએ પડોશી દેશોની બોર્ડર પર અટવાઈ રહેવું પડે છે. આથી આ સમસ્યા દૂર કરવામાં આવે તો યુદ્ધ ક્ષેત્રમાં ફસાયેલા હજારો વિદ્યાર્થીઓ ઝડપી પોતાના ઘરે પરત ફરી ફરી શકે તેવું આયોજન કરવામાં આવે તેવી માનસી શર્માએ સરકાર સમક્ષ કરી હતી.

# સુરતમાં ચાલુ ટ્રેને ઊતરતાં પડેલા યુવાનને ગાર્ડે બચાવી લીધો

**ચાલતી ટ્રેને ઊતરનારા માટે ચેતવણી સમાન કિસ્સો : ટ્રેનના ગાર્ડે ઈમરજન્સી બ્રેક લગાવતા સુરત રેલવે સ્ટેશન પર મોટી દુર્ઘટના ટળી, મુસાફર ૩૦ મીટર સુધી ટ્રેન સાથે ધસડાયો**

સુરત,તા.૨

સોશિયલ મીડિયામાં રેલવે સ્ટેશન પર ટ્રેનમાંથી ઉતરતી વખતે સર્જાયેલી દુર્ઘટનાના અનેક વીડિયો જોયા હશે, તેમ છતાં લોકો સુધરતા નથી. આવો જ એક કિસ્સો સુરત રેલવે સ્ટેશન પરથી સામે આવ્યો છે. જોકે રેલવે સ્ટેશન પર સદનસીબે મોટી દુર્ઘટના ટળી હતી.

ટ્રેનના ગાર્ડ અને સાવચેતીના કારણે એક મુસાફર ટ્રેન નીચે આવતા બચી ગયો હતો. ચાલતી ટ્રેનમાંથી નીચે ઉતરવા જતાં ૪૦ વર્ષના મુસાફરે અચાનક સંતુલન ગુમાવ્યું હતું. જાણવા મળી રહ્યું છે કે ટ્રેનના ગાર્ડ પ્રિયેશ સિંહ દ્વારા તાત્કાલિક ઈમરજન્સી બ્રેક લગાવતા સુરત રેલવે સ્ટેશન પર મોટી દુર્ઘટના ટળી છે. તેમ છતાં મુસાફર ૩૦ મીટર સુધી ટ્રેન સાથે ધસડાયો હતો. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, સુરત રેલવે સ્ટેશને પર સવાર સવારમાં બનેલી ઘટનામાં ગાર્ડેની સમયસૂચકતાના કારણે એક મુસાફરનો જીવ બચ્યો છે.

# બે દિકરાઓએ પોતાના પિતાના પગ ભાંગી નાખ્યા

ગાંધીનગર, તા.૧

આજે બપોરના સુમારે સર્કિટ હાઉસ થી બોરીજ જવાના માર્ગે બે દિકરાઓએ પોતાના પિતા પર લાકડી અને પાઈપ વડે હુમલો કરી પગ ભાગી નાંખ્યા છે. દંપતિ વચ્ચે થયેલા ઝઘડાને પગલે મારી મમ્મીને પગે કેમ માર્યુ તેમ કહી બંન્ને દિકરાએ બાપ પર હુમલો કર્યો હતો. ત્યારબાદ નાગરીકો એકઠા થઈ જતા બંન્ને જણા રીક્ષા લઈ રફુચકકર થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સેકટર-૬ પેટ્રોલ પંપ પાછળ મેદાનમાં છેલ્લા ૮ વર્ષથી રહેતા રાજેશ ભીખાભાઈ દંતાણી (ઉં.૫૦) જુના કપડાની ફેરી કરી ગુજરાન ચલાવે છે.તેઓને સંતાનમાં ચાર દિકરા અને બે દિકરીઓ છે. મોટો દિકરો કરણ મીનાબજાર ખાતે રહે છે.જયારે ત્રણ દિકરા અને એક દિકરી સાથે ફરીયાદીની પત્ની સેકટર-૧૧ છાપરામાં રહેતા હતા. રાજેશ દંતાણીને પત્ની સાથે ઝઘડો ચાલતો હોવાથી સર્કિટ હાઉસ પાસે અલગ રહેતા હોવાથી તેમના દિકરા કરણ અને વિશાલ મળવા માટે ગયા હતા. તે બંન્ને બેસવા માટે કહેતા અચાનક ઉશ્કેરાઈને મારી મમ્મીને કેમ પગે માર્યુ છે તેમ કહીને રીક્ષામાંથી લોખંડની પાઈપ કાઢી વિશાલે ડાબા તેમજ જમણા પગે મારી હતી.જયારે કરણે પણ બંને પગે ધોકો મારતા હોહા થતા આસપાસમાંથી નાગરીકો એકઠા થઈ જતા વધુ મારમાંથી છોડાવ્યો હતો. ત્યારબાદ બંન્ને જણા રીક્ષા લઈને નાસી ગયા હતા.જયારે ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. ઈજાગ્રસ્ત રાજેશ દંતાણીને બંન્ને પગે ફ્રેકચર હોવાનું નિદાન થતા પોલીસ મથકે કરણ અને વિશાલ દંતાણી સામે ફરીયાદ નોંધાવી છે.

# સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા આયોજીત વિવિધ પ્રોજેક્ટનો શુભારંભ સમારોહ યોજાયો



અમદાવાદ, તા.૧

શ્રીસમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા વિવિધ પ્રોજેક્ટના લોન્ચીંગનો કાર્યક્રમ દરેક જીલ્લામાંથી આવેલા બ્રહ્મબંધીઓની મોટી સંખ્યામાં હાજરીમાં ખૂબ જ ધામધૂમથી યોજાયો હતો. જેમાં પદ્મભૂષમથી સન્માનિત શ્રી સ્વામી સચ્ચીદાનંદજીએ સર્વે ભૂદેવોને પોતાની બ્રહ્મશક્તિ સાચા અર્થમાં સાર્થક બનાવવાની હાકલ કરી હતી. સમતુ કેમ્પસના ટ્રસ્ટી શ્રી મનુભાઈ રાવલ, ભાજપ પ્રદેશ મીડિયા કન્વીનર ડૉ. યજ્ઞેશભાઈ દવે, સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ (રાજયકક્ષા)ના પ્રમુખશ્રી ભરતભાઈ રાવલ, શ્રી વાય. એમ. શુકલ (ચેરીટી કમિશનર), ડૉ. અમીબેન ઉપાધ્યાય (કુલપતિ, બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી), શ્રી કિરીટભાઈ અધ્વર્યુ (કમિશનર ગુજરાત માહિતી આયોજન), શ્રી રુચીર ભટ્ટ (પ્રમુખ, ગાંધીનગર શહેર ભાજપ), શ્રી રવિન્દ્રાંજલી ત્રિવેદી (એકઝીક્યુટીવ ડાયરેકટર, એસ.જી.વી.પી.), શ્રી અનિલભાઈ વેદાણી (બગદાણા), શ્રી અશ્વિનભાઈ દવે (નિવૃત્ત નાયબ સચિવ, ગૃહ વિભાગ), શ્રી ભાવેશભાઈ રાજયગુરૂ (પ્રમુખ, દુર્ગાધામ), શ્રી હરગોવિંદભાઈ જોષી (ઉપપ્રમુખ, શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ), શ્રી શૈલેષભાઈ ઠાકર, શ્રી નલીનભાઈ શર્મા (ભરૂચ), ( જગતભાઈ શુક્લ (પરશુરામ ફાઉન્ડેશન) વગેરે બ્રહ્મસમાજના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના નવ નિયુક્ત શ્રી પીનાકીનભાઈ રાવલ દ્વારા ખૂબ જ ટૂંક સમયમાં બ્રહ્મસમાજના યુવાનો માટે પાયારૂપ એવા શૈક્ષણિક ક્ષેત્રને લગતા પ્રશ્નો, સમાજના યુવાનો માટે રોજગારલક્ષી પ્રશ્નો અને બ્રહ્મસમાજના દીકરા - દીકરીઓના વેવિશાળને લગતા પ્રશ્નોના નિરાકરણ અર્થે આજરોજ ત્રણ નવીન પ્રોજેકટ (૧) બ્રહ્મ એકેડમી ફોર એજ્યુકેશન, (૨) ઓનલાઈન પોર્ટલ ફોર જોબ પ્લેસમેન્ટ અને (૩) મેટ્રિમોનિયલ પોર્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

સંસ્થાના પ્રમુખ પીનાકીનભાઈ રાવલે પ્રાસંગિક ઉદબોધનમાં ગુજરાતભરના બ્રાહ્મણોને માત્ર ને માત્ર હકારાત્મક, રચનાત્મક અને પરિણામલક્ષી કામ કરવા માટે આહ્વાન કર્યુ અને સમાજના દરેક વર્ગને સાંકળીને આગળ વધવાનો દ્રઢ નિર્ધાર વ્યક્ત કર્યો હતો. શ્રી સ્વામી સચ્ચિદાનંદજીએ બ્રહ્મસમાજના કાર્યને બિરદાવ્યું હતું અને પોતે હરહંમેશા સમાજના કામમાં સાથે રહેશે તેવો ભાવ દર્શાવી આશીર્વચન આપ્યા હતા. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના મહામંત્રી શ્રી અનિલભાઈ શુક્લે સંસ્થાના કાર્યોની રૂપરેખા આપી અને સાથે ભવિષ્યમાં શું કરવાનું છે તેની સમાજને જાણકારી આપી હતી.

સમગ્ર સભાનું સંચાલન શ્રી નીરલભાઈ વ્યાસે કર્યુ હતું.



## ચિલોડા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ઉજવાયો

ગાંધીનગર તાલુકાની ચિલોડા પ્રાથમિક શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ સ્પર્ધાઓ યોજી હતી. આ કાર્યક્રમમાં શાળાના ધોરણ ૬ થી ૮ના અંદાજિત ૧૫૦ વિદ્યાર્થીઓને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વક્તૃત્વ સ્પર્ધા ક્વિઝ અને વિવિધ વિજ્ઞાન પ્રદર્શન પ્રવૃત્તિઓ અને વૈજ્ઞાનિક પ્રયોગોના માધ્યમથી બાળકોને ૫૦ થી વધુ વિજ્ઞાન આધુનિક સાધનો અને વિજ્ઞાન વિષયમાં રસ લેતા થાય તેવા હેતુસર સાધનોની ઓળખ અને ઉપયોગો વિશે પ્રશ્નોત્તરીરૂપે ભાગ લીધો હતો. શાળાના વિજ્ઞાન શિક્ષિકા મયુરીબેન અને ફાલ્ગુનીબેન દ્વારા બાળકોને ખૂબ જ સારી રીતે પ્રયોગોનું નિદર્શન કરવામાં આવ્યું હરતું. આ પ્રસંગે એસ.એમ.સી.ના શિક્ષણવિદ્ અને પી.એલ.વી. નટુભાઈ પટેલ અને શાળાના આચાર્ય હર્ષદભાઈ પટેલે ઉપસ્થિત રહી બાળકો અને શાળાના સ્ટાફને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

## માહોલ સર્જાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ બાકી રહ્યા હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં ગળાડુબ બન્યા છે. જો કે વર્ષ દરમિયાન કોરોનાનો કહેર યથાવત રહેતા ઓનલાઈન શિક્ષણ કાર્યના અંતે હવે શાળાઓમાં માંડ ઓફલાઈન શિક્ષણકાર્ય શરૂ થયુ છે. ત્યારે આ વર્ષે પણ કોરાનાના લીધે વિદ્યાર્થીઓના શિક્ષણ પર માંઠી અસર થઈ છે. પરંતુ હાલ છેલ્લા ઘણાં સમયથી કોવિડની ત્રીજી લહેરનો કહેર હવે સમી ગયો છે. જયારે હાલ કોરોનાના કેસ પણ નહીંવત જોવા મળી રહ્યા છે. આવા સંજોગોમાં પરીક્ષા નજીકમાં આવતા હાલ નગરની વિવિધ શાળાઓ તેમજ ટયુશનના વર્ગોના શિક્ષકો પણ વિદ્યાર્થીઓને આખરી તબક્કાની તૈયારી કરાવામાં વ્યસ્ત જોવા મળે છે. જિલ્લા શિક્ષણ તંત્ર પણ હવે પરીક્ષાની તૈયારીમાં લાગી ગયુ છે. કોરોના કાળમાં ગત વર્ષે બોર્ડ પરીક્ષા લેવામાં આવી ન હતી ત્યારે નબળા પરિણામ ધરાવતી શાળાઓ તરફ પણ શિક્ષણ તંત્રએ વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. શાળાઓમાં ઓફલાઈન શિક્ષણ માંડ શરૂ થયુ છે ત્યારે બોર્ડના પરીક્ષાર્થીઓની મુંઝવણ કે મુશ્કેલી દુર કરવા માટે શિક્ષકોએ ખાસ વર્ગો પણ શરૂ કર્યા છે.

## હાંકી કાઢ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કે વિવાદનું શાંતિપૂર્ણ સમાધન ભારતની સતત સ્થિતિ રહી છે. ભારત સરકારનું માનવું છે કે કૂટનીતિના રસ્તે પાછા ફર્યા સિવાય અન્ય કોઈ વિકલ્પ નથી. ભભારત યુકેનમાં ફસાયેલા નાગરિકોની તત્કાળ વાપસીના પ્રયત્નો કરવા માટે જે પણ કરી શકે છે તે કરે છે. આ મહત્વપૂર્ણ માનવીય જરૂરિયાતને તરત સંબોધિત કરવી જોઈએ. તેમણે કહ્યું કે હું યુક્રેનના તમામ પડોશી દેશોનો આભાર વ્યક્ત કરવા માંગુ છું કે જેમણે અમારા નાગરિકો માટે પોતાની સરહદો ખોલી અને કર્મીઓને સુવિધાઓ આપી. અમે અમારા પડોશી અને વિકાસશીલ દેશોના ફસાયેલા લોકોની મદદ માટે તૈયાર છીએ.

## પ્રતિબંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

'આ બીજા વિશ્વયુદ્ધ પછીનું સૌથી ભયાનક અને મોટા પાયાનું આક્રમણ છે. રશિયા કિન્ડરગાર્ટન્સ, અનાથાલયો, હોસ્પિટલો, મોબાઈલ મેડિકલ સહાયતા બ્રિગેડ અને એમ્બ્યુલન્સ પર હુમલો કરી રહ્યું છે. નાગરિકોને મારવા માટે તે સ્ટેટ ડિટરમાઈન્ડ એક્શન છે.'

બેલારુસના ગોમેલ ક્ષેત્રમાં રશિયન અને યુક્રેનિયન પ્રતિનિધિમંડળ વચ્ચે પ્રથમ વાટાઘાટો પૂર્ણ થઈ ગઈ છે. હવે થોડા દિવસોમાં બેલારુસિયન-પોલિશ સરહદ પર બીજા તબક્કાની બેઠક યોજાશે. રશિયા અને યુક્રેન બંને તરફથી આ જાણકારી આપવામાં આવી છે.

## સળગતા મકાનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એવા છે જે સળગતા જોવા મળ્યા છે. રશિયન આર્ટિલરી તેની નજીક ઉભી છે, જેના પરથી અંદાજ લગાવી શકાય છે કે, હુમલો તેમના તરફથી જ કરવામાં આવ્યો હશે. યુક્રેનિયન ડ્રોન હુમલામાં રશિયન સેનાના કાફલાને ઓછામાં ઓછું નુકસાન થાય તે માટે પણ તૈયારીઓ કરવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર અનુસાર યુક્રેનના ૫ લાખ લોકોને યુદ્ધ શરૂ થયા બાદ તેમના ઘર છોડીને પાડોશી દેશોમાં શરણ લેવા માટે મજબૂર બન્યા છે. સોમવારના રોજ યુક્રેન સાથેની વાતચીતમાં કોઈ ઉકેલ ન નીકળતા સોમવારે પુતિને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોં સાથે ફોન પર વાત કરી હતી. જેમાં પુતિને સ્પષ્ટ કર્યુ કે, સેટલમેન્ટ ત્યારે જ થઈ શકશે જ્યારે તેની ત્રણ શરતો સ્વીકારવામાં આવશે. જેમાં ક્રિમીઆ પર રશિયન સાર્વભૌમત્વની માન્યતા, યુક્રેનનું વિસૈન્યીકરણ અને યુક્રેનની તટસ્થ સ્થિતિ સુનિશ્ચિત કરવાનો સમાવેશ કરવામાં આવ્યો છે.

કાફલો એન્ટોનોવ એરપોર્ટપરથી પસાર થતો જોવા મળ્યો છે. આ એ જ વિસ્તાર છે જ્યાં વિશ્વનું સૌથી મોટું એરક્રાફટ એએન-૨૨૫ હાજર હતું, જેને રશિયન મિસાઈલો દ્વારા નષ્ટ કરવામાં આવ્યું હતું.